# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ઈમ્પેક્ટ ફી લોકદરબાર

### GRUDA એક્ટ નં.1/2023 અંતર્ગત **ઈમ્પેક્ટ ફી** ની અરજીઓનાં ત્વરીત નિકાલ અન્વયે આયોજીત "લોક દરબાર"ની તારીખ ફેરફાર બાબતે

આથી જાહેરજનતાને જણાવવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં તા.૩૦/૦૯/૨૦૨૨ કે તે પહેલાં થયેલ અન-અધિકૃત વિકાસ(બાંધકામ)ને નિયમિત કરવા માટે નામ. રાજ્ય સરકારશ્રી દ્વારા **Gujarat Regularization of Unauthorised Development Act No.01/2023** અમલમાં આવેલ છે. જે અનુસંધાને અન-અધિકૃત બાંધકામ નિયમિત કરાવવા નામ. રાજ્ય સરકારશ્રીના ઈ-નગર પોર્ટલ www.enagar.gujarat.gov.in પર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવે છે. સદર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ.૧૬.૦૬.૨૦૨૫ રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામુ કરી મુકરર કરવામાં આવેલ છે.

- **ગુડા લોકદરબાર અંગે:-**

નામ. સરકારશ્રી દ્વારા અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અરજી કરેલ અરજદારોના અન-અધિકૃત બાંધકામને નિયમિત કરવાની તક ચુકી ન જાય, તેમજ જે અરજદારો દ્વારા ગુડા-૨૦૨૨ અંતર્ગત પોતાનાં અન-અધિકૃત બાંધકામોને નિયમિત કરવા અરજી કરેલ છે. પરંતુ જરૂરી પુરાવાઓનાં અભાવે અરજીનો નિર્ણય લેવામાં આવેલ ન હોય તેવા અરજદારોને અરજી સંદર્ભે જરૂરી માર્ગદર્શન મળી રહે તેમજ જાહેર-જનતાની અરજીઓનો નિકાલ ઝડપથી થાય, તે હેતુસર અ.મ્યુ.કો.ની તમામ ઝોનલ કચેરી ખાતે નીચે જણાવેલ સરનામે ઝોન સામે દર્શાવેલ તારીખે, કચેરી સમય દરમિયાન "ગુડા લોકદરબાર"નું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ અને વાર | તારીખ અને વાર | એડમીન. ઝોન | એસ્ટેટ અને નગર વિકાસ ખાતાની ઝોનલ કચેરીનું સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૦૯/૦૪/૨૦૨૫ બુધવાર<br>૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર | ૨૮/૦૪/૨૦૨૫ સોમવાર<br>૩૦/૦૪/૨૦૨૫ બુધવાર | ઉત્તર પશ્ચિમ | ચોથે માળ, મહારાણી વિજયારાજે સીધીયા ભવન, અતિથિ હોટલ પાસે, બોડકદેવ, અમદાવાદ |
| ૨ | ૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર<br>૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર | ૦૧/૦૫/૨૦૨૫ ગુરુવાર<br>૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર | દક્ષિણ પશ્ચિમ | પાંચમો માળ, સ્વ. શ્રી તુષાર દેશમુખ ભવન, શેલ્બી હોસ્પિટલ સામે, જોધપુર, અમદાવાદ |
| ૩ | ૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર<br>૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર | ૦૧/૦૫/૨૦૨૫ ગુરુવાર<br>૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર | પશ્ચિમ | ૨ જો માળ, રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, અમદાવાદ |
| ૪ | ૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર<br>૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર | ૦૫/૦૫/૨૦૨૫ સોમવાર<br>૦૬/૦૫/૨૦૨૫ મંગળવાર | મધ્ય | ૨ જો માળ, બી બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ |
| ૫ | ૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર<br>૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર | ૦૧/૦૫/૨૦૨૫ ગુરુવાર<br>૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર | ઉત્તર | ૨ જો માળ, રાજીવ ગાંધી ભવન, મેમ્કો ચાર રસ્તા પાસે, નરોડા, અમદાવાદ |
| ૬ | ૦૯/૦૪/૨૦૨૫ બુધવાર<br>૧૧/૦૪/૨૦૨૫ શુક્રવાર | ૦૧/૦૫/૨૦૨૫ ગુરુવાર<br>૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર | પૂર્વ | ૪થો માળ, હરૂભાઈ મહેતા ભવન, વિરાટનગર ચાર રસ્તા, વિરાટનગર, અમદાવાદ |
| ૭ | ૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર<br>૧૬/૦૪/૨૦૨૫ બુધવાર | ૦૧/૦૫/૨૦૨૫ ગુરુવાર<br>૦૨/૦૫/૨૦૨૫ શુક્રવાર | દક્ષિણ | ૩ જો માળ, ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ભવન, રામબાગ ફાયર સ્ટેશન સામે, મણીનગર, અમદાવાદ |

સદર એક્ટ, તથા તે અન્વયે નામદાર સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નિયમો, ફી અંગેના નોટીફીકેશન (પાર્કીંગ-સુધારા જોગવાઈ સહિત) તથા ગુડા અંતર્ગતની કામગીરી અંગે સંમતિ આપેલ આર્કિટેકટ/ એન્જીનીયર તથા સ્ટ્રક્ચરલ એન્જીનીયરશ્રીની યાદી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in < DOWNLOADS < GRUDA-2022 ઉપર ઉપલબ્ધ થયેલ છે.

અરજદારશ્રીએ જરૂરી પુરાવાઓ સાથે ઉપર જણાવેલ સંબંધિત ઝોનલ કચેરી ખાતે કચેરી સમય સંપર્ક કરવા અને સંબંધિત સ્ટાફનો સંપર્ક કરી અરજીઓના નિકાલ અંગે કાર્યવાહી માટે વ્યાપક સહકાર આપવા અ.મ્યુ.કો.ના નગર વિકાસ ખાતા દ્વારા જણાવવામાં આવે છે.

સદર એક્ટથી અન-અધિકૃત વિકાસવાળા બાંધકામોને નિયમિત કરાવી બી.યુ. પરમીશન મેળવી, લેવા માટેની આ અંતિમ તક ઉપલબ્ધ થયેલ છે. અન અધિકૃત બાંધકામોને એક્ટ/ નિયમોમાં નક્કી થયેલ સમયમર્યાદામાં નિયમિત કરાવી લેવામાં નહિ આવે તો, તે બાંધકામો નિયત મર્યાદામાં દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આથી સંબંધિતોએ પોતાના અન-અધિકૃત બાંધકામોને ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવાના એક્ટ હેઠળ નિયમિત કરાવી લેવા માટે સૌને જરૂરી જાણ અર્થે વ્યાપક જનહિતમાં ઉપરોકત બાબતો પ્રકાશિત કરેલ છે. જેની લાગતાવળગતા તમામે નોંધ લેવા વિનંતી છે.

**અ.મ્યુ.કો.ના નગર વિકાસ ખાતા દ્વારા પ્રકાશિત**